

Cadaver Organ Donor

## Lt. Manjuben Ratilal Vasava

He Donated: Kidneys & Liver

Date:- 14/08/2018

DONATE LIFE™
an initiative for organ donation

# આદિવાસી સમાજની બ્રેઇનડેડ મહિલાના અંગોનું દાન કરી ત્રણને નવજીવન મળ્યું

હેલ્થરિપોર્ટર | સુરત

ભરૂચના ઈટકલા ગામના બ્રેઈનડેડ આદિવાસી મહિલાના પરિવારે કિડની અને લીવરનું દાન કરી ત્રણ વ્યક્તિને નવજીવન આપી માનવતા મહેકાવી છે. મહિલાની એક કિડની મધ્યપ્રદેશના આધેડમાં અને બીજી કિડની દેહગામના યુવકમાં જ્યારે લીવરનું અમદાવાદના આધેડમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

ભરૂચના વાલિયા તાલુકાના ઈટકલા ગામ ખાતે હનુમાન ફળિયામાં રહેતા મંજુબેન રતિલાલ વસાવા(50) ખેતમજૂરી કરતા હતા. 13મી ઓગસ્ટના રોજ સવારે મંજુબેન પોતાના ગામથી ડહેલી ગામમાં આવેલી ગુજરાત ગ્રામીણ બેંકમાં રૂપિયા ઉપાડવા માટે બસમાં જતા હતા ત્યારે તેમની બેંક પાસબુક હાથમાંથી નીચે પડી ગઈ હતી. પાસબુક લેવા જતાં બસમાંથી નીચે પડી ગયા હતા અને માથામાં ગંભીર ઈજાઓ થવાથી બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે વાલિયા સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ અંકલેશ્વર જયાબેન મોદી હોસ્પિટલમાં સારવાર બાદ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં 14મી ઓગસ્ટના રોજ તેમને બ્રેઈનડેડ જાહેર કરાયાં હતા.સિવિલના ડૉ. નિલેશ કાછડીયાએ બ્રેઈનડેડ અંગેની માહિતી ડોનેટ લાઈફના નિલેશ માંડલેવાલાને આપી હતી. ડોનેટ લાઈફની ટીમ સિવિલમાં પહોંચી હતી અને પરિવારને અંગ દાનનું મહત્વ સમજાવ્યું હતું. પરિવારની સંમતિ બાદ મંજુબેનની કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું હતું. એક કિડની મધ્યપ્રદેશના સંજય મનોહરલાલ જૈન અને બીજી કિડની દેહગામના જિજ્ઞેશ મનુભાઈ પટેલમાં જ્યારે લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદના રાજેશ છગનલાલ ઠક્કરમાં કરવામાં આવ્યું છે.

# આદિવાસી મહિલાના અંગદાને ત્રણને નવજીવન બક્ષ્યું

સુરત : ભરૂચના ઈટકવા ગામે રહેતા મંજુલાબેન રમેશભાઈ વસાવા (ઉ.વ. ૫૦) ગત તા. ૧૩મીના રોજ બેંક જતા હતા ત્યારે અકસ્માત નડ્યો હતો. ઈજાગ્રસ્ત અવસ્થામાં સારવાર માટે હોસ્પિટલમાં આવેલા મંજુલાબેનને સુરત નવી સિવિલ ખાતે ડો. મુકેશ પંચોલીના વડપણ હેઠળ સારવાર અપાઈ રહી હતી. દરમિયાન ડો. પરેશ ઝાંઝમેરા અને ડો. નિલેશ કાછડિયાની ટીમે તેમને મૃત જાહેર કર્યા હતા. જેની જાણ ડોનેટ લાઈફને થતાં નિલેશ માંડલેવાળા અને ટીમે પરિજનોને અંગદાન અંગેની માહિતી આપતા પરિવાર સંમત થયો હતો. અને કિડની મધ્યપ્રદેશના સંજય મોહનલાલ જૈન (ઉ.વ. ૫૦) અને દહેગામના જિજ્ઞેશ મોહનભાઈ પટેલ (ઉ.વ. ૪૩)માં ટ્રાન્સપ્લાંટ કરાઈ હતી. જ્યારે લિવર અમદાવાદના રાજેશ ઠક્કર (ઉ.વ. ૫૪) માં ટ્રાન્સપ્લાંટ કરાયું હતું. આ સમયે તેમના પરિવારના પુત્ર યોગેશ અને બે પુત્રીઓ પુષ્પાબેન અને સુશીલાબેન સહિત પરિવાર હાજર રહ્યો હતો.

# આદિવાસી સમાજની મહિલાના અંગદાનથી ત્રણને નવજીવન

(પ્રતિનિધિ દ્વારા) સુરત, ગુરૂવાર

બસમાંથી નીચે પડી ગયા બાદ બ્રેઈનડેડ જાહેર કરાયેલી ભરૂચની આદિવાસી સમાજની મહિલાના કિડની અને લીવરના દાનથી ત્રણ વ્યક્તિને નવજીવન મળ્યું છે.

નવી સિવિલથી મળેલી વિગત મુજબ ભરૂચના વાલીયા ખાતે ઈટકલા ગામમાં રહેતા ૫૦ વર્ષીય મંજુબેન રતિલાલ વસાવાને સંતાનમાં ૧ પુત્ર અને ૨ પુત્રી છે. તેમના પતિ ખેતમજૂરી કરે છે.

ગત તા. ૧૩મીએ સવારે મંજુબેન બસમાં બેંકના કામ અર્થે જતા હતા. તેમના હાથમાંથી

**ભરૂચના મંજુબેન વસાવા બસમાંથી પટકાતા માથામાં ગંભીર ઈજા બાદ બ્રેઈનડેડ જાહેર કરાયા હતા**

બેંક પાસબુક પડી જતાં તે લેવા ઉતરતા દેઓ પટકાતા માથામાં ઈજા થતાં પ્રથમ વાલિયાની સરકારી હોસ્પિટલ બાદ અંકલેશ્વર અન ત્યારબાદ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ તા. ૧૪મીએ બ્રેઈનડેડ જાહેર કરાયા હતા.

ડોનેટ લાઈફની ટીમે તેમના પરિવારને સમજાવ્યા બાદ મૃતકની એક કિડની મધ્યપ્રદેશના સંજય મનોહરલાલ જૈન (ઉ.વ. ૫૦) અને બીજી કિડની દેહગામના જીતેશ મનુભાઈ પટેલ (ઉ.વ. ૪૩૦ તથા લીવર અમદાવાદના રાજેશ છગનલાલ ઠક્કરને ટ્રાન્સપ્લાન્ટ કરાયું છે.

# DONATE LIFE

## CADAVER ORGAN DONATION FIGURES

**Date: january 2006 to 14th August 2018**

**271**
**KIDNEYS**

**110**
**LIVERS**

**6**
**PANCREAS**

**18**
**HEARTS**

**226**
**CORNEA**

**Which has given new lease of life & vision to 628 persons across the country & globe**